## જોઈએ છે " આચાર્ય"

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.દિ.ક.શ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૮૨ તા.૨૩/૦૯/૨૦૨૩ અને પત્ર ક્રમાંક નં.દિ.ક.શ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૮૪ તા.૨૩/૦૯/૨૦૨૩ ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તક કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થામાં આચાર્યની ભરતી કરવા માટે એન.ઓ.સી મળેલ છે. તો નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | રોસ્ટર ક્રમ જાતિ | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | "પ્રકાશ" મંદબુધ્ધિના બાળકોની નિવાસી શાળા, નેહરૂ બ્રિજ-ટેશન પાસે, વલ્લભ ટેકરા, અમદાવાદ | આચાર્ય [Mentally Retardation (M.R.)] | ૧ | બિન અનામત | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા (Mentally Retardation (M.R.)]<br>૩ સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ<br>૪) ૫ વર્ષનો અનુભવ |
| ૨ | બહેરા મુંગાની શાળા, આશ્રમ રોડ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની સામે, નવરંગપુરા અમદાવાદ | આચાર્ય (Hearing impaired-(H.I)] | ૧ | બિન અનામત | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા (Hearing impaired-(H.I)<br>૩ સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ<br>૪) ૫ વર્ષનો અનુભવ |

અનુભવ - (ક) સમાજ સુરક્ષા નિયામકની કચેરીની તાબાની સેવામાં, દિવ્યાંગોની શાળાઓમાં, મદદનીશ શિક્ષક, વર્ગ-૩ ની જગા પર આશરે પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈશે અથવા (ખ) સરકાર દ્વારા માન્ય દિવ્યાંગોની શાળાઓમાં આશરે પાંચ વર્ષનો અધ્યાપનનો અનુભવ હોવો જોઈશે.

**શરતો:-**

1. ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત અરજી પત્રકમાં ઉંમરનો પુરાવો શૈક્ષણિક લાયકાત તેમજ સ્પે.TET-1 અથવા સ્પે.TET-2ની પાસ થયાની માર્કશીટ તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલો, પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોંટાડી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦(દશ)માં **R.P.A.D.** થી <u>(બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ -જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બ્લોક નં.બી, ભોંયતળિયે, બહુમાળી ભવન,લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧)ના સરનામે અરજી કરવાની રહેશે.</u> અધુરી વિગતવાળી, કુરિયરથી સાદી ટપાલથી, રૂબરૂમાં આપેલ અને સમય મર્યાદા પછી આવેલ અરજીઓ અમાન્ય ગણાશે.
2. આચાર્યને સરકારશ્રીના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નિતિ અન્વયે આ જગ્યાના પગાર ધોરણ રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ લેવલ-૭ સામે માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/- થી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે.
3. ઉમર-જાહેરાતની છેલ્લી તારીખે -૪૨ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.અનામત કેટેગરીના ઉમેદવારને સરકારશ્રીના ધારાધોરણો મુજબ છુટ-છાટ મળવાપાત્ર છે.
4. ઉમેદવારે અરજી કરવાની તારીખે RCI હેઠળ CRR (Central Rehabilitation Registration) ફરજીયાત મેળવેલ હોવુ જોઈશે અને તેની વેલીડીટી પૂર્ણ થયેલ હોય તો રીન્યુઅલ કરાવેલ હોવી જોઈશે.
5. જાહેરાત પ્રસિધ્ધિની તારીખ સુધી ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા સરકારશ્રીના નિયમો મુજબ હોય તેવા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.
6. ઉમેદવાર કોમ્પુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે તથા સરકારશ્રીએ માન્ય કરેલ કોમ્પુટરનું સર્ટીફિકેટ ધરાવતા હોવા જોઈશે.
7. સંસ્થાને ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ મુજબ માન્યતા મળેલ છે. સંસ્થાની માન્યતા કોઈ પણ કારણોસર રદ થતા આ જગ્યા પણ આપોઆપ રદ થશે અને નિમણૂક પામેલ ઉમેદવારની નોકરીનો અંત આવશે.
8. અરજી પત્રક તથા વધુ વિગતો નિયામક સમાજ સુરક્ષાની વેબસાઇટ https://sje.gujarat.gov.in/dsd/ પરથી મેળવવાની રહેશે.
9. ઉક્ત જગ્યાની ભરતી બાબતનો આખરી નિર્ણય જિલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ,અમદાવાદને આધિન રહેશે.

અધ્યક્ષ
જિલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ
-વ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૩૦/૨૦૨૩

**જોઈએ છે " મદદનિશ શિક્ષક"**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના પત્રક્રમાંક નંદિકશ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૩૮ તા.૨૩/૦૬/૨૦૨૩ ,પત્ર ક્રમાંક નંદિકશ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૩૮ તા.૨૩/૦૬/૨૦૨૩, પત્રક્રમાંક નંદિકશ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૮૫ તા.૨૩/૦૬/૨૦૨૩ અને પત્રક્રમાંક નંદિકશ/જગ્યા મંજૂરી/૨૩-૨૪/૨૭૭ તા.૨૩/૦૬/૨૦૨૩ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તક કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થામાં મદદનીશ શિક્ષકની ભરતી કરવા માટે એન.ઓ.સી. મળેલ છે. તો નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | રોસ્ટર ક્રમ જાતિ | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ આશ્રમ રોડ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની સામે, અમદાવાદ - ૩૮૦૦૦૯ | મદદનીશ શિક્ષક [Visually Impaired-(V.I.)] | ૦૧ | બિન-અનામત | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા [Visually Impaired-(V.I.)]<br>૩) સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ |
| ૨ | અપંગ માનવ મંડળ, ડૉ.વિક્રમ સારાભાઈ રોડ,બી.એસ.એન.એલ.સેન્ટર સામે,વસ્ત્રાપુર અમદાવાદ-૩૮૦૦૧૫ | મદદનીશ શિક્ષક (Crippled Children) | ૦૨ | ૧-S.E.B.C<br>૧-S.C | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા<br>૩) સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ |
| ૩ | "નવજીવન" ટ્રેનીંગ સેન્ટર સંચાલિત મંદબુદ્ધિ અને સી.પી. બાળકોની વિવિધ બિન નિવાસી શાળા,[illegible], અમદાવાદ | મદદનીશ શિક્ષક [Mentally Retardation (M.R.)] | ૦૧ | બિન-અનામત | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા [Mentally Retardation(M.R.)]<br>૩) સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ |
| ૪ | શ્રી કે.એલ.દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર નવી હાઈકોર્ટ સામે,સરખેજ-ગાંધીનગર હાઈવે મુ-સોલા તા.દસક્રોઈ જી-અમદાવાદ-૩૮૦૦૬૦ | મદદનીશ શિક્ષક [Hearing Impaired-(H.I)] | ૦૧ | બિન-અનામત | ૧) સ્નાતકની પદવી<br>૨) સ્પે.બી.એડ/ સ્પે.ડિપ્લોમા [Hearing Impaired-(H.I)]<br>૩) સ્પે.TET-1 અથવા સ્પે.TET-2 પાસ |

**શરતો:-**

1. ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત અરજી પત્રકમાં ઉંમરનો પુરાવો શૈક્ષણિક લાયકાત તેમજ સ્પે.TET-1 અથવા સ્પે.TET-2ની પાસ થયાની માર્કશીટ તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલો,પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦(દસ)માં R.P.A.D. થી (માનદ મંત્રી અપંગ બાળ કલ્યાણ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બ્લોક નં.બી ઓફતમિંગે, બહુમાળી ભવન,લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧)ના સરનામે અરજી કરવાની રહેશે. અરજી કરવાની રહેશે રહેશે. અધુરી વિગતવાળી, કુરિયરથી સાદી ટપાલથી, રૂબરૂમાં આપેલ અને સમય મર્યાદા પછી આવેલ અરજીઓ અમાન્ય ગણાશે.
2. મદદનીશ શિક્ષકને સરકારશ્રીના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નિતિ અન્વયે આ જગ્યાના પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ લેવલ-૫ સામે માસિક ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- થી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે.
3. ઉંમર-જાહેરાતની છેલ્લી તારીખે -૩૭ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં. અનામત કેટેગરીના ઉમેદવારને સરકારશ્રીના ધારાધોરણો મુજબ છુટ-છાટ મળવાપાત્ર છે.
4. ઉમેદવારે અરજી કરવાની તારીખે RCI હેઠળ CRR (Central Rehabilitation Registration) ફરજીયાત મેળવેલ હોવુ જોઈશે અને તેની વૈધતા પૂર્ણ થયેલ હોય તો રીન્યુઅલ કરાવેલ હોવી જોઈશે.
5. જાહેરાત પ્રસિધ્ધિની તારીખ સુધી ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા સરકારશ્રીના નિયમો મુજબ હોય તેવા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.
6. ઉમેદવાર કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે તથા સરકારશ્રીએ માન્ય કરેલ કોમ્પ્યુટરનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈશે.
7. સંસ્થાને ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ મુજબ માન્યતા મળેલ છે. સંસ્થાની માન્યતા કોઇ પણ કારણોસર રદ થતા આ જગ્યા પણ આપોઆપ રદ થશે અને નિમણૂક પામેલ ઉમેદવારની નોકરીનો અંત આવશે.
8. અરજી પત્રક તથા વધુ વિગતો નિયામક સમાજ સુરક્ષાની વેબસાઇટ https://sje.gujarat.gov.in/dsd/ પરથી મેળવવાની રહેશે.
9. ઉકત જગ્યાની ભરતી બાબતની આખરી નિર્ણય જિલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ,અમદાવાદને આધિન રહેશે.

સહી/-
અધ્યક્ષ
જિલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ
-વ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,અમદાવાદ

ક્રમાંક/સંભાસિ/અમદ/૬૨૯/૨૦૨૩